શો-બાજ

# ‘ના’ પાડવી કલાકાર માટે ક્યારેક જરૂરી હોય છે: મોના સિંઘ



**તે યાદ છે ને પેલી ક્યુટ, ગોળ ચશ્મા અને દાંતમાં બ્રેસીસવાળી આપણી ફેવરિટ ‘જસ્સી’? બસ, એ જ જસ્સી ઉર્ફે મોના સિંહ આજે બોલિવૂડ અને OTT ની દુનિયામાં એક એવી ‘ગેમ ચેન્જર’ બની ગઈ છે જેની તોલે કોઈ આવી શકે એમ નથી. જ્યારે લોકો માનતા હતા કે ટીવી સ્ટાર્સ મોટા પડદે નથી ચાલતા, ત્યારે મોના સિંહે દરેક પ્લેટફોર્મ પર જઈને નવો જ ક્રેઝ ઊભો કરી દીધો.**

### ‘કોહરા સીઝન 2’ માં સિરિયસ રોલનો એક્સપિરિયન્સ કેવો રહ્યો?

‘કોહરા સીઝન 2’ માં હું એક સિનિયર ઈન્વેસ્ટિગેટર ઓફિસર ‘ધનવંત કૌર’ના રોલ મારાં માટે ખૂબ જ રોમાંચક અને એટલું જ અઘરું હતું. ધનવંત કૌર એક એવી સ્ત્રી છે જે ખૂબ ઓછું બોલે છે, પણ તેનો સંકલ્પ ખૂબ દૃઢ છે. તે અંગત જીવનમાં નુકસાન અને વ્યવસાયિક મોરચે સતત પોતાને સાબિત કરવાની લડાઈ લડી રહી છે. આ રોલ માટે મારે ઘણું નિયંત્રણ રાખવું પડ્યું હતું, કારણ કે ભાવનાઓ ચહેરા પર લાવ્યા વગર પણ ઘણું બધું કહી દેવાનું હતું.

### શું મોના હવે એક્ટિંગમાંથી બ્રેક લઈને ડિરેક્શન કે પ્રોડક્શનને કરિયર બનાવશે?

હાલ પૂરતું તો આ માત્ર અફવા જ છે! અત્યારે અભિનેત્રી તરીકે મારી પાસે ઓગસ્ટ 2026 અને તેના પછીના આટલા શાનદાર પ્રોજેક્ટ્સ છે કે મને બીજું કશું વિચારવાનો સમય જ નથી. હા, ભવિષ્યમાં જો મને કોઈ વાર્તા ખૂબ જ સ્પર્શી જશે, તો હું પ્રોડક્શન વિશે વિચારી શકું છું, પણ ડિરેક્શન હજુ મારા પ્લાન્સમાં નથી. હું કેમેરાની પાછળ જવા કરતાં કેમેરાની સામે રહેવાનું વધુ પસંદ કરું છું.

### કોઈ પણ પાત્ર પસંદ કરતી વખતે કઈ બાબતને ધ્યાનમાં રાખે છે?

હું હંમેશાં મારી જાતને એક જ પ્રશ્ન પૂછું છું: ‘શું આ રોલ મને કમ્ફર્ટ ઝોનમાંથી બહાર લાવશે? શું આમાં હું કશુંક નવું એક્સપ્લોર કરી શકીશ? હું આગામી સ્ક્રિપ્ટની ઉતાવળ કરવા કરતાં સાચી અને મજબૂત સ્ક્રિપ્ટ માટે રાહ જોવાનું વધુ પસંદ કરું છું.

### શું દર્શકો મોનાને માત્ર OTT સ્ટાર તરીકે જ ઓળખે છે?

હું મારી જાતને કોઈ એક માધ્યમમાં બાંધવા નથી માંગતી. પછી તે ટીવી હોય, સિનેમા હોલ હોય કે OTT સ્ક્રીન. લાઈમલાઈટ કે સ્ક્રીનની સાઈઝ મહત્ત્વની નથી, જે મહત્વનું છે તે છે વાર્તા. જો કે, અત્યારે કન્ટેન્ટ ડ્રિવન સિનેમા અને વેબ સિરીઝનો જમાનો છે, એટલે મને જે પ્રકારના પ્રયોગાત્મક રોલ મળી રહ્યા છે, હું તેને ખૂબ એન્જોય કરી રહી છું.

### એક રેસ્ટોરેન્ટર તરીકેનો એક્સપિરિયન્સ કેવો રહ્યો?

હા, હું પંજાબી બેકગ્રાઉન્ડમાંથી આવું છું એટલે ફૂડ સાથે મારો પ્રેમ સ્વાભાવિક છે. ફૂડ બિઝનેસમાં છું અને મને અવનવી પંજાબી વાનગીઓ લોંચ કરવી ખૂબ ગમે છે. એક્ટિંગ મારો પહેલો પ્રેમ અને પ્રોફેશન છે, પણ બિઝનેસ સંભાળવો એ મારા મગજના બીજા હિસ્સાને સક્રિય રાખે છે. તે મને લાઈફમાં ગ્રાઉન્ડેડ રહેવામાં મદદ કરે છે.

### રાજકુમાર હિરાણી OTT ડેબ્યૂ પ્રોજેક્ટમાં છો કેવું લાગે છે?

(ઉત્સાહ સાથે) હા, રાજકુમાર હિરાણી સર સાથે ‘૩ ઈડિયટ્સ’ પછી ફરી કામ કરવું એ હંમેશાં ખાસ હોય છે અને આ વખતે તેઓ OTT સ્પેસમાં પોતાનું ડેબ્યૂ કરી રહ્યા છે. આ એક અત્યંત શાર્પ સાયબરક્રાઈમ થ્રિલર ડ્રામા છે, જે આજના ડિજિટલ યુગના અંધકારને દર્શાવે છે. આ પ્રોજેક્ટનું શૂટિંગ ઓગસ્ટ 2026ની આસપાસના શેડ્યૂલ માટે આયોજિત છે. આ સિરીઝમાં મારી સાથે વિક્રાંત મેસી પણ જોવા મળશે. આ પ્રોજેક્ટની સ્ક્રિપ્ટ એટલી મજબૂત છે કે હું કેમેરાની સામે જવા માટે ખૂબ આતુર છું.

### વધુ પડતા ડાર્ક, ગ્રે અને ચેલેન્જિંગ રોલ જ કેમ પસંદ કરી રહી છો?

કારણ કે હું કમ્ફર્ટ ઝોન તોડવા માંગુ છું. પાત્ર ભલે થોડું થાકેલું, કદરૂપું કે નેગેટિવ દેખાય–જો વાર્તા મજબૂત હશે, તો હું તે રોલ ચોક્કસ કરીશ. કલાકાર તરીકે જો તમે રિસ્ક ન લો, તો તમે સમય સાથે આઉટડેટેડ થઈ જાવ છો.

### બેક-ટુ-બેક શૂટિંગ શેડ્યૂલ્સ વચ્ચે પર્સનલ લાઇફ કઈ રીતે મેનેજ કરે છો?

તે ખૂબ મુશ્કેલ છે, પણ અશક્ય નથી. શ્યામ મારા આ વ્યસ્ત લાઈન-અપ અને કરિયરની સ્પેસને ખૂબ સારી રીતે સમજે છે. અમે એક નિયમ બનાવ્યો છે: જ્યારે હું સેટ પર હોઉં ત્યારે સંપૂર્ણપણે કામ પર ફોકસ કરું છું, પણ પ્રોજેક્ટ્સના શૂટિંગ પૂરા થાય એટલે નાનો બ્રેક લઈને અમે ક્યાંક ફરવા નીકળી જઈએ છીએ. પર્સનલ સ્પેસને પ્રોફેશનલ લાઈફથી દૂર રાખવી એ જ મારા સુખી લગ્નજીવનની ચાવી છે.

> **રાજકુમાર હિરાણી સર સાથે ‘૩ ઈડિયટ્સ’ પછી ફરી કામ કરવું એ હંમેશાં ખાસ હોય છે અને આ વખતે તેઓ OTT સ્પેસમાં પોતાનું ડેબ્યૂ કરી રહ્યા છે. આ એક અત્યંત શાર્પ સાયબરક્રાઇમ થ્રિલર ડ્રામા છે, જે આજના ડિજિટલ યુગના અંધકારને દર્શાવે છે**

### કોઈ એવી ભૂલ તને લાગે છે કે જો ન કરી હોત તો સારું થાત?

પ્રામાણિકતાથી કહું તો, મને કોઈ જ અફસોસ નથી. મારી ભૂલોએ જ મને આજે આ સ્થાને પહોંચાડી છે. હા, કરિયરની શરૂઆતમાં હું કેટલીક ઓફર્સ નકારવામાં બહુ ડરતી હતી, કારણ કે મને લાગતું કે જો હું ના પાડીશ તો લોકો મને કામ આપવાનું બંધ કરી દેશે. પણ સમય સાથે હું શીખી કે યોગ્ય સમયે ‘ના’ કહેવી એ પણ એક કલાકાર માટે એટલી જ જરૂરી છે. આજે હું જે સ્પેસમાં છું, ત્યાં હું મારી શરતો પર કામ કરી શકું છું. ●


# રક્તાંચલ -3: લોહી અને લાગણીની નવી જંગ!

હેલો વેબ સિરીઝના કીડાઓ! જો તમને પણ મિર્ઝાપુર, વાસીપુર અને પૂર્વાંચલના એ ક્રાઈમ ડ્રામા ગમતા હોય, જેમાં ગોળીઓની રમઝટ અને પાવરની ગેમ ચાલતી હોય, તો તમારા માટે એક જોરદાર ગુડ ન્યૂઝ છે. MX Player ની સુપરહિટ, હાઈ-વોલ્ટેજ અને એકદમ દેશી અંદાજ વાળી સિરીઝ ‘રક્તાંચલ’ ની સીઝન 3ની ચર્ચાઓ સોશિયલ મીડિયા પર જોર પકડી રહી છે.

જો તમે સીઝન 1 અને 2 જોઈ હશે, તો તમને ખબર જ હશે કે આ કોઈ નોર્મલ ટાઈમપાસ શો નથી. આમાં વસીમ ખાન અને વિજય સિંહ વચ્ચેની એ ખુરશીની લડાઈ છે જે લોહીની નદીઓ વહાવી દે છે. તો ચાલો, આજે વાત કરીએ કે રક્તાંચલ -3 માં શું નવું ધમાકેદાર જોવા મળી શકે છે અને કેમ આ સિરીઝ તમારા વોચલિસ્ટમાં હોવી જ જોઈએ!

### સ્ટોરી સો ફાર: અત્યાર સુધી શું થયું?

પહેલા થોડું ફ્લેશબેકમાં જઈએ. સીઝન 1 માં આપણે જોયું કે કેવી રીતે 80 ના દાયકાના પૂર્વાંચલ (UP) માં સરકારી ટેન્ડરો મેળવવા માટે લોહીની હોળી રમાતી હતી. એક તરફ હતો બાહુબલી વસીમ ખાન (નિકિતિન ધીર) અને બીજી તરફ એને ટક્કર આપવા ઊભો થયો એક ગુસ્સાવાળો યુવાન વિજય સિંહ (ક્રાંતિ પ્રકાશ ઝા).



ઓટીટી

બીજી સીઝનમાં આ લડાઈ માત્ર ટેન્ડરો પૂરતી મર્યાદિત ન રહી, પણ પોલિટિક્સના ગંદા ખેલમાં બદલાઈ ગઈ. મુખ્યમંત્રીની ખુરશી મેળવવા માટે જે કાવાદાવા થયા, જે દગાબાજી થઈ, એ જોઈને દર્શકોના મગજ ચકરાવે ચડી ગયા હતા. સીઝન 2 ના એન્ડમાં જે ટ્વિસ્ટ આવ્યો, એણે ત્રીજી સીઝન માટે એકદમ સોલિડ પિચ તૈયાર કરી દીધી છે.

### રક્તાંચલ -3 માં શું હશે ખાસ?

વેલ, મેકર્સ આ વખતે ગેમનો લેવલ વધુ અપ કરવાના મૂડમાં છે, ત્રીજી સીઝનમાં તમને આ વસ્તુઓનો જબરદસ્ત ડોઝ મળવાનો છે

> **મેકર્સ આ વખતે ગેમનો લેવલ વધુ અપ કરવાના મૂડમાં છે, ત્રીજી સીઝનમાં તમને આ વસ્તુઓનો જબરદસ્ત ડોઝ મળવાનો છે**

હવે લડાઈ માત્ર બે લોકો વચ્ચે નથી રહી. આ વખતે સત્તાની લાલચમાં નવા પ્યાદાઓ એન્ટ્રી લેશે. જૂના દુશ્મનો દોસ્ત બની શકે છે અને ખાસ મિત્રો પીઠમાં છરો ભોંકી શકે છે. જો તમને લાગતું હોય કે સીઝન 2 માં બહુ મારકાપ હતી, તો બોસ, સીઝન 3 માં ડાયલોગ્સથી લઈને એક્શન સીન્સ સુધી બધું જ વધુ રો (Raw) અને રિયલ હોવાનું છે. આ વખતે માત્ર




બહુબળ નહીં, પણ બુદ્ધિબળની લડાઈ જોવા મળશે. યુપીની ગાદી પર કોણ બેસશે, એનો ફેંસલો પિસ્તોલની અણીએ નહીં પણ મગજની ચાલથી થશે.

નિકિતિન ધીર (વસીમ ખાન) થંગબલી ફેમ નિકિતિન જ્યારે સ્ક્રીન પર આવે છે ત્યારે એનો કદાવર દેખાવ અને ભારે અવાજ જ અડધું કામ કરી નાખે છે. વસીમ ખાનના રોલમાં એણે જે ધાક જમાવી છે, તે સીઝન 3 માં પણ ચાલુ રહેશે. ક્રાંતિ પ્રકાશ ઝા (વિજય સિંહ) એક સીધો સાદો છોકરો જ્યારે સિસ્ટમ સામે લડીને ગેંગસ્ટર બને છે, એ સફર ક્રાંતિએ બહુ મસ્ત રીતે નિભાવી છે. એની આંખોનો ગુસ્સો જ સીન ચોરી લે છે.

આ સિવાય માહી ગિલ, આશીષ વિદ્યાર્થી અને કરણ પટેલ જેવા એક્ટરોએ પણ સિરીઝમાં ચાર ચાંદ લગાવ્યા છે, જેઓ ત્રીજી સીઝનમાં સ્ટોરીને વધુ મજેદાર બનાવશે.

### આજની ઓડિયન્સને કેમ ગમશે? (Why the Youth is Hooked?)

આજકાલના યુવાનોને મસાલા ફિલ્મો કરતાં રીયલિસ્ટિક, થોડી કડવી પણ સાચી સ્ટોરીઝ વધુ ગમે છે. ‘રક્તાંચલ’ ની ખાસિયત એ છે કે એ ફેક નથી લાગતી. એના ડાયલોગ્સ એકદમ લોકલ અને પંચીંગ છે, જે સોશિયલ મીડિયા પર મીમ મટીરિયલ પણ બની જાય છે! ઈન્સ્ટાગ્રામ રીલ્સ પર વસીમ ખાનના ડાયલોગ્સ વાયરલ થતા જ રહે છે. પ્લસ, આ શોની પેસ (ગતિ) એટલી ફાસ્ટ છે કે તમે એક એપિસોડ જોવાનું ચાલુ કરો એટલે સીધા બિન્જ-વોચ કરીને જ ઊભા થાઓ.જો તમે હજુ સુધી આ સીરીઝ નથી જોઈ, તો MX Player પર જાવ અને સીઝન 1 અને 2 નું હોમવર્ક પૂરું કરી લો. કારણ કે જ્યારે ‘રક્તાંચલ -3’ ધમાકો કરશે, ત્યારે આખું સોશિયલ મીડિયા એના જ મીમ્સ અને ચર્ચાઓથી ભરાઈ જશે. આ સિરીઝને IMDb રેટિંગઃ- 6.8/10 છે.

એક વાત તો પાકી છે - પૂર્વાંચલ મેં જબ તક રક્ત બહેગા, તબ તક રક્તાંચલ ચલેગા! તો તમારા પોપકોર્ન રેડી રાખો અને આ ક્રાઈમ-થ્રિલર રાઈડ માટે તૈયાર થઈ જાવ.

# અધૂરા સંબંધોનો અડ્ડો: ‘મુસાફિર કાફે’!

ડિજિટલ સ્પેસ અને ઓટીટી પ્લેટફોર્મ્સે આજના સમયમાં ઓડિયન્સ સમક્ષ કન્ટેન્ટ પીરસવાની પદ્ધતિ સંપૂર્ણપણે બદલી નાખી છે. પરંપરાગત ફેમિલી ડ્રામા, ઓવર-ધ-ટોપ રોમાંસ કે સસ્પેન્સ-થ્રિલરની ભીડ વચ્ચે હવે ઓડિયન્સ એવી સ્ટોરીઝ તરફ આકર્ષાઈ રહ્યા છે જે રિયલ, સેન્સિટિવ અને લાઈફની નજીક હોય. દિવ્ય પ્રકાશ દુબેની લોકપ્રિય હિન્દી નવલકથા પર આધારિત અને રુચિર અરુણ દ્વારા ડિરેક્ટ થયેલી નવી વેબ સિરીઝ ‘મુસાફિર કાફે’ આવી જ એક ઈમોશનલ જર્ની રજૂ કરે છે. શરણ્યા રાજગોપાલ દ્વારા લખાયેલી આ સિરીઝ લવ, બ્રેકઅપ, કરિયર એમ્બિશન અને જીવનના અલગ-અલગ ફેઝમાં મળતા લોકો વચ્ચેના ઈમોશનલ કન્ફિલક્ટને ખૂબ જ સુંદર રીતે સ્ક્રીન પર લાવે છે.

‘મુસાફિર કાફે’ની સ્ટોરી માત્ર એક જગ્યાએ સીમિત નથી, પરંતુ તે કેરેક્ટર્સના આંતરિક ટ્રાન્સફોર્મેશનનું કેન્દ્ર છે. સ્ટોરીના કેન્દ્રમાં છે ચંદર મોહન શર્મા (વિક્રાંત મસી) - એક સોફ્ટવેર એન્જિનિયર જે પોતાની રૂટિન લાઈફ અને સિક્યોર ફ્યુચરના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવા માંગે છે. તેના જીવનમાં આવે છે સુધા (વેદિકા પિંટો), જે એક ઈન્ડિપેન્ડન્ટ વિચારો ધરાવતી ડિવોર્સ લૉયર છે. સુધા લગ્નપ્રથા વિશે પોતાનો ક્લિયર અભિગમ ધરાવે છે અને ચંદરને પોતાના ડ્રીમ્સ પાછળ ભાગવાની અને ફીલી જીવવાની હિંમત આપે છે.

અપકમિંગ

પણ લાઈફ હંમેશા પ્લાન મુજબ ચાલતી નથી. સંજોગોવશાત બંનેના રસ્તા અલગ પડે છે. પહાડોની શાંતિ વચ્ચે ચંદર પોતાનું ડ્રીમ - ‘મુસાફિર કાફે’ શરૂ કરે છે, જ્યાં તેની મુલાકાત પ્રીતિ (મહિમા મકવાણા) સાથે થાય છે. પ્રીતિનો પ્રેમ ચંદરને એક નવો સપોર્ટ અને સ્ટેબિલિટી આપે છે. સ્ટોરી અહીં એક ગંભીર સવાલ પૂછે છે: ‘શું જીવનના જુદા જુદા ફેઝમાં બે અલગ વ્યક્તિઓ સાથે સાચો પ્રેમ શક્ય છે?’ આ સિરીઝ પાસ્ટની યાદો અને પ્રેઝન્ટની રિયાલિટી વચ્ચેનો ઈમોશનલ કન્ફ્લિક્ટ ખૂબ જ મેચ્યોર રીતે રજૂ કરે છે.

વિક્રાંત મસીએ ચંદરના કેરેક્ટરમાં રહેલી મૂંઝવણ, ઈમોશન્સ અને અંદરની એકલતાને અત્યંત નેચરલ રીતે રજૂ કરી છે. મિડલ ક્લાસ યુવકની એમ્બિશન અને તૂટેલા હૃદયની પીડા તેના ચહેરા પર સ્પષ્ટ દેખાય છે.

સુધા તરીકે વેદિકાની એક્ટિંગ ખૂબ જ સ્ટ્રોંગ છે. તે એક એવી સ્ત્રી છે જે પોતાના નિર્ણય પર અડગ રહે છે, છતાં અંદરથી પ્રેમ માટે એટલી જ ઈમોશનલ છે.


પ્રીતિના રોલમાં મહિમા પોતાની શાંત અને મેચ્યોર પ્રેઝન્સથી સ્ટોરીમાં એક સુંદર બેલેન્સ લાવે છે.

આ ઉપરાંત આદિલ હુસૈન, રાજીવ સિદ્ધાર્થ અને સાદિયા સિદ્દીકી જેવા સપોર્ટિંગ એક્ટર્સનો અભિનય સ્ટોરીની ગંભીરતામાં વધારો કરે છે. ‘મુસાફિર કાફે’ માત્ર વિઝ્યુઅલ્સની રજૂઆત નથી, પણ એક ફીલિંગ છે. સિરીઝના ડાયલોગ્સ ખૂબ જ અર્થસભર અને હાર્ટ-ટચિંગ છે. તેમાં બિનજરૂરી ડ્રામા નથી, પરંતુ રોજિંદી વાતચીત વચ્ચે ઊંડી ફિલોસોફી છુપાયેલી છે. ‘કેટલાક લોકો આપણા જીવનમાં કાયમ રહેવા નથી આવતા, પણ આપણને અંદરથી બદલી નાખવા આવે છે,’ જેવા ડાયલોગ્સ આજના યુવાનોને ખૂબ જ રિલેટેબલ લાગે છે.




> **દરેક રિલેશનશિપનો અંત હેપ્પી એન્ડિંગ જ હોય એ જરૂરી નથી; ક્યારેક અધૂરા રહી ગયેલા સંબંધો પણ આપણને વધુ કમ્પ્લીટ બનાવી જાય છે**

પહાડોના શાંત વિઝ્યુઅલ્સ, કાફેની હૂંફાળી લાઈટિંગ અને આકર્ષક કલર પેલેટ આખી સિરીઝને વિઝ્યુઅલી ખૂબ જ રિચ બનાવે છે. પિયાનો અને ગિટાર પર આધારિત બેકગ્રાઉન્ડ સ્કોર દરેક સીનની ઈમોશનલ ફીલને વધુ અસરકારક બનાવે છે. અહીં મ્યુઝિક માત્ર બેકગ્રાઉન્ડ નથી, પરંતુ સ્ટોરીનો મહત્વનો ભાગ બની જાય છે.



આજની જનરેશન સંબંધોમાં જે અનિશ્ચિતતા, કરિયર પ્રેશર અને પોતાની આઈડેન્ટિટી શોધવાની જર્ની અનુભવે છે, તેને ‘મુસાફિર કાફે’ ખૂબ જ ઓથેન્ટિક રીતે દર્શાવે છે. અહીં કોઈ વિલન નથી; માત્ર પરિસ્થિતિઓ અને પાત્રોના પોતાના ડિસિઝન્સ જ સ્ટોરીમાં નવા ટર્ન્સ લાવે છે. આ સિરીઝ ઓડિયન્સને સમજાવે છે કે દરેક રિલેશનશિપનો અંત હેપ્પી એન્ડિંગ જ હોય એ જરૂરી નથી; ક્યારેક અધૂરા રહી ગયેલા સંબંધો પણ આપણને વધુ કમ્પ્લીટ બનાવી જાય છે. એકંદરે, ‘મુસાફિર કાફે’ ડિજિટલ પ્લેટફોર્મ પર આવેલી એક સુંદર, મેચ્યોર અને ઈમોશનલી રિચ વેબ સિરીઝ છે. જો તમે એક્શન કે થ્રિલરથી અલગ કોઈ એવી સ્ટોરી જોવા માંગતા હોવ જે તમને લાંબા સમય સુધી વિચારવા મજબૂર કરે અને રિલેશનશિપ્સની નવી ડેફિનેશન આપે, તો આ સિરીઝ ચોક્કસ તમારી વોચલિસ્ટમાં હોવી જોઈએ. આપણે બધા જ જીવનની આ જર્નીમાં એક ‘મુસાફિર’ છીએ. ●